# ગુજરાતમાં વિકાસ થયો છે : યોગી

મોડાસા, તા.૧૧

ગુજરાતમાં વિધાનસભાની બીજા તબક્કાનો ચૂંટણી પ્રચાર હવે અંતિમ તબક્કામાં છે, ત્યારે રાજકીય પક્ષોની ઝંઝાવાતી સભાઓનો દોર પણ શરૂ થઈ ગયો છે ત્યારે આજે અરવલ્લી જિલ્લાના મોડાસાના કલ્યાણ ચોક ખાતે આજે યુપીના મુખ્યમંત્રી અને ભાજપના સ્ટાર પ્રચારક યોગી અદિત્યનાથની જંગી જાહેરસભા યોજાઈ હતી. જ્યાં ઉપસ્થિત જનમેદનીએ યોગી મોદીના નારા લગાવી અભિવાદન કર્યું હતું.




પોતાના સંબોધનમાં યોગી આદિત્યનાથે રાહુલ ગાંધી અને કોંગ્રેસ પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે કોંગ્રેસને ઈશરત જહાં પર હેત છે ગોધરાકાંડમાં માર્યા ગયેલા કાર સેવકો પર પ્રેમ નથી. રાહુલ ગાંધીને મંદિરમાં દર્શન કરવા માટે એક મહિનો ટ્રેનિંગ આપવી પડશે. રાહુલ ગાંધી મંદિરમાં જાય છે પણ મસ્જિદમાં નમાજ માટે બેઠા હોય એમ બેસે છે એમ કહી પ્રહાર કર્યા હતા.

તેમણે કહ્યું કે શ્રીરામ અને કૃષ્ણના અસ્તિત્વ અંગે શંકા કરનાર કોના દર્શન કરે છે તેવો પ્રશ્નાર્થ કર્યો હતો. ભારત માતા પ્રત્યે સન્માન, સમર્પણ અને શ્રદ્ધાનો ભાવ જોઈએ. ગુજરાતમાં પૂર આવ્યું ત્યારે લોકોના દુઃખ સાથે પડખે ઊભા રહેવાના બદલે રાહુલ ઈટલી પોતાનાં નાનીને મળવા ઊપડી ગયા હતા.

ગુજરાતના વિકાસને પાગલ કહેવો એનાથી બીજું ક્યુ અપમાન ગુજરાતનું હોઈ શકે તેમ જણાવી યોગીજીએ કહ્યું રાહુલ ગાંધી જાણે બિચારા બેબાકળા બની ગયા છે. યોગીજીએ ગુજરાતના સર્વાંગી વિકાસની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે ગુજરાતમાં મોદીને કારણે તમામ ક્ષેત્રે આમૂલ પરિવર્તન આવ્યું છે શાંતિ-સલામતી સાથે રાજ્યમાં સુખ શાંતિ સાથે વિકાસ થયો છે. ગોધરા પછી બીજા કોઈ તોફાનો થયાં નથી. પણ રાહુલ ગાંધીને આ વિકાસ દેખાતો નથી. કારણ કે કોંગ્રેસે ક્યારેય વિકાસ કર્યો નથી.




## અરવલ્લી જિલ્લા કોંગ્રેસમાં ભંગાણ

અરવલ્લીના મુખ્ય મથક મોડાસામાં ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની જાહેર સભા દરમિયાન ધનસુરાના બુટાલના વતની, સહકારી અગ્રણી અને અરવલ્લી જિલ્લા કોંગ્રેસના મંત્રી મહેશભાઈ ડી પટેલ તેમના ધનસુરા તાલુકાના ૨૦૦ કાર્યકરો સાથે ભાજપમાં જોડાતાં તમામને યોગીજીના હસ્તે કેસરિયો ખેસ પહેરી ભાજપમાં પ્રવેશ કરાવ્યો હતો. આ પ્રસગે જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી, ઉત્તરપ્રદેશના શિક્ષણમંત્રી ડૉ. મહેન્દ્રસિંહ, સાંસદ દીપસિંહ રાઠોડ નગરપાલિકા પ્રમુખ વનીતાબેન પટેલ, કનુભાઈ પટેલ, હેમલતાબેન, જિલ્લા ભાજપના પદાધિકારીઓ મહામંત્રી શામળભાઈ ખાંટ, ઉપપ્રમુખ અતુલભાઈ બ્રાહ્મભટ્ટ, તાલુકા અને શહેરના પ્રમુખો હસમુખભાઈ પટેલ તથા જગદીશભાઈ ભાવસાર, જિલ્લા યુવા મોરચાના પ્રમુખ પ્રશાંત પટેલ અને ટિમ, જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલ વગેરે પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ખેડબ્રહ્મા બેઠક પર કોંગ્રેસનો દબદબો

### સરકારની ભાજપની વનવાસી વિસ્તારોના વિકાસમાં રહેલી ઉણપ માટે જવાબદાર કોણ ?

હિંમતનગર, તા. ૧૧

સાબરકાંઠાની પછાત ગણાતી ખેડબ્રહ્મા બેઠક પર વર્ષ ૨૦૦૨થી અત્યાર સુધી કોંગ્રેસના ઉમેદવાર વિજયી બનતા આવ્યા છે. પરંતુ ગુજરાતમાં સરકાર ભાજપની રહી હતી. જેના કારણે વનવાસી વિસ્તારોના વિકાસમાં રહેલી ઉણપ માટે આજે આ વિસ્તારના મતદારોમાં અનેક મતમતાંતર છે. તેમાં પણ સતત ત્રણ ટર્મથી એક જ ઉમેદવાર કોંગ્રેસમાં જીતે છે.



મહારાષ્ટ્રમાંથી ગુજરાત અલગ બન્યુ ત્યારે નવી વિધાનસભા ૧૯૬૨માં અસ્તિત્વમાં આવી ત્યારે ખેડબ્રહ્મા બેઠક પરથી સૌ પ્રથમ ડાભી માલજીભાઈ સગરામભાઈ કોંગ્રેસમાંથી ચૂંટાઈને આ વિસ્તારના પ્રથમ ધારાસભ્ય તરીકે ચૂંટાઈને વિધાનસભામાં ખેડબ્રહ્મા-વિજયનગર મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ હતુ. જો કે ૧૯૬૭માં સ્વતંત્ર પક્ષમાંથી ઝેડ, બી. રાઠોડ ચૂંટાયા હતા ત્યાર બાદ ૧૯૭૨ થી ૧૯૮૫ સુધી ખેડબ્રહ્મા બેઠક પર કોંગ્રેસનો દબદબો રહ્યો હતો. દરમ્યાન ૧૯૯૦માં ખેડબ્રહ્મા બેઠક પર એક હથ્થુ શાસન ભોગવતા કોંગ્રેસના વળતા પાણી થયા હતા જેમાં ભાજપના બેચરભાઈ બારા ચૂંટાયા હતા. બીજી તરફ ૧૯૯૫ થી ૨૦૦૨ સુધી આદિવાસી સમાજના ઉદ્ધારક અને કોંગ્રેસના લોકપ્રિય નેતા અમરસિંહ ચૌધરીએ કોંગ્રેસમાંથી ઉમેદવારી નોંધાવીને વિજય મેળવ્યા બાદ ગુજરાતના ગાદીપતિ બન્યા હતા. પરંતુ સમય કરવટ બદલે તેમ અમરસિંહ ચૌધરીના નિધન બાદ પેટા ચૂંટણી થતા રમીલાબેન બારા થોડા સમય માટે ખેડબ્રહ્મા બેઠક પરથી ચૂંટાયા હતા.

૨૦૦૭ થી વાત કરીએ તો વિજયનગર તાલુકા પંચાયતના પ્રમુખ લક્ષ્મણભાઈ કોટવાલાના જયેષ્ઠ પુત્ર અશ્વિન કોટવાલ સતત બે ટર્મ ચૂંટાયા બાદ આ વખતે ૨૦૧૭ની ચૂંટણીમાં કોંગ્રેસે તેમને ટીકીટ આપી છે ત્યારે તેમની સામે આદિવાસી પરિવારમાંથી આવતા અને પૂર્વ ધારાસભ્ય રમીલાબેન બારા વચ્ચે પ્રચારમાં કાંટે કી ટક્કર ચાલી રહી છે. ત્યારે મતદારો કોના પર પસંદગીનો કળશ ઢોળે છે તે જોવુ રહ્યું.

# કોંગ્રેસના લોકોને વિકાસ દેખાતો નથી માટે નેત્ર ચિકિત્સા કેમ્પ યોજી મોતિયાનું ઓપરેશન કરી આપો : પરષોતમ રૂપાલા

બીજા તબ્બકાની ચૂંટણી લઈને ચૂંટણી પ્રચારે જોર પકડ્યું છે. ત્યારે હિમતનગરમાં સોમવારે ભાજપની ચૂંટણીની જાહેર સભા યોજાઈ હતી. જેમાં પરષોતમ રૂપાલાએ વિકાસની વાત સાથે કોંગ્રેસને આડે હાથે લીધી હતી અને ચાબખા પણ માર્યા હતા.

સાબરકાંઠાના હિંમતનગરના વૈશાલી ગ્રાઉન્ડ ખાતે સોમવારે પરષોતમ રૂપાલાની જાહેર સભા યોજાઈ હતી. જેમાં કોંગ્રેસને આડે હાથે લઈને ચાબખા માર્યા હતા અને કોંગ્રેસને વિકાસ દેખાતો નથી તેમના માટે નેત્ર ચિકત્સા કેમ્પ યોજી મોતિયાના ઓપરેશન કરી આપવાની સલાહ પણ આપી દીધી હતી. જેથી વિકાસ દેખાય ઉપરાંત લગ્નમાં ફટાણા ગવાતા હોય અને



તેમાં ગાળો પણ કાઢે છે પણ તે લગ્નમાં હોય પણ આ તો નરેન્દ્ર મોદીને ગાળો કાઢી ગુજરાતને બદનામ કરે છે. લગ્નમાં લાડી તો અમે લઈ જવાના છીએ તેમ પણ કહ્યું હતું તો બીજી તરફ યુપીમાં માંડ ઈનોવા કારમાં બેસે તેટલા લોકો યુપીમાં જીત્યા છે તે અહિયાં કોંગ્રેસને જીતાડવા આવ્યા છે. તો પહેલા તબક્કામાં મતદાનમાં કોંગ્રેસના તાજીયા ઠરી ગયા છે હવે બીજા તબક્કામાં પણ કોંગ્રેસના તાજીયા ઠારી દેવાની વાત કરીને નર્મદાના પાણીની વાત કરી હતી અને આજે ગુજરાતમાં ઘરે ઘરે નર્મદાના નીર આવે છે તે વિકાસ નથી તો શું છે તેમ કહી કોંગ્રેસને ચાબખા માર્યા હતા. તો બીજી તરફ આ સભામાં મોટા ભાગની ખુરશીઓ ખાલી રહી હતી.

લગ્નમાં ફટાણા ગવાય છે તેમાં માંડવા વાળા ફટાણા ગાય એમાં રિસાઈ ના જવાય પણ આ લોકો તો ગાળો બોલે છે તેની કિંમત ૧૪મી ડિસેમ્બરે ચૂકવશે. યુપીમાં વિધાનસભાની ચૂંટણી થઈ જેમાં ૪૦૩માંથી કોંગ્રેસની માંડ સાત સીટો જીત્યા. હારી ગયા તેથી ટ્રાફિકની સમસ્યા ઓછી થઈ ગઈ એક ઈનોવા વાળા અહિયાં સરકાર બનાવવાની વાત કરે છે. કોંગ્રેસના લોકોને વિકાસ દેખાતો નથી અને આ ગામમાં એક નેત્ર ચિકત્સા કેમ્પ એ પણ કોંગ્રેસના લાભાર્થે કરો અને મોતિયા ઉતરાવો તો કેક ભાળે. કાઠીયાવાડ પંથકમાં ૯મીએ કોંગ્રેસના તાજીયા ઠરી ગયા અને હવે ૧૪ મીએ તમે ઠારી નાખો એટલે કોંગ્રેસના તાજીયા ઠરી જાય.

# મોદી જનતાના સુખ-દુઃખમાં હંમેશા સાથે રહ્યા છે : અમીત શાહ

સુઈગામ, તા. ૧૧

સુઈગામ ખાતે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહે યુવા સંમેલનને સંબોધતા ભૂતકાળમાં શું કામ કર્યા તેને યાદ કરવા જણાવ્યું હતું. નરેન્દ્રભાઈ મોદી જનતાના સુખ-દુઃખમાં હંમેશા સાથે રહ્યા છે. ગુજરાતના સપૂતને કેન્દ્રના શાસનમાં દેશ મજબુતાઈથી આગળ વધી રહ્યો છે. વિશ્વમાં ભારતનું માન સન્માન વધી રહ્યું છે. કોઈ ભ્રષ્ટાચાર કે કૌભાંડો થયા નથી.

તેમણે જણાવ્યુ હતુ કે, આપણી સેના અમેરીકાની સેના પછી વિશ્વની બીજા નંબરની સેના બની શકી છે. નરેન્દ્રભાઈ વડાપ્રધાન બનતા માત્ર કાર્યોને યાદ કરી કમળના નિશાન ઉપર મતદાન કરવા જણાવ્યું હતું અને સરહદી વિસ્તારની સલામતી માટે શંકરભાઈ જેવા માણસની જરૂરીયાત






કોંગ્રેસ ઉપર ભારે પ્રહારો કર્યા હતા. જંગી યુવા સંમેલનને સંબોધતા તેમણે આ સરહદી વિસ્તારમાં ભાજપની સરકારમાં વિકાસના અભૂતપૂર્વ કાર્યો અને નર્મદા યોજના થકી આ વિસ્તારની થઈ રહેલી કાયાપલટની સામે કોંગ્રેસની સરકાર વખતે કોંગ્રેસવાળા અપમાનીત કરી રહ્યા છે. મહારાષ્ટ્ર, હરીયાણા, ઝારખંડ, કાશ્મીર, આસામ, ઉત્તરાખંડ, ગોવા અને રાહુલ ગાંધીના મતક્ષેત્ર અમેઠીમાં કોંગ્રેસના સુપડા સાફ થયા છે અને તેનું જ પુનરાવર્તન ગુજરાતમાં થવાનુ છે. ભાજપના સાડા ત્રણ વર્ષના ગુજરાતમાં ચોવીસ કલાક વીજળી આપવાનું કામ કર્યુ અને રમખાણો બંધ થયા છે. કરફ્યુ ભૂતકાળ બની ગયો છે. ગુજરાત સરકાર દ્વારા ૧૦૭ જાતની જનકલ્યાણની વિવિધ યોજનાઓ શરૂ કરવામાં આવી છે. કોંગ્રેસ પાસે ચૂંટણી લડવા કોઈ મુદ્દો રહ્યો નથી તેથી જાતિવાદનું ઝેર ગુજરાતમાં પ્રસરાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. વડાપ્રધાનને ગાળાગાળી કરી રહ્યા છે. ગરીબ ઘરના નેતા વડાપ્રધાન બને તે દેશના ૧૨૫ કરોડ ગરીબોનુ સન્માન છે. કોંગ્રેસ જનતાનુ અપમાન કરી રહી છે તેમને તો વંશવાદને જ પોષવો છે.

૧૩ જ દિવસમાં નર્મદાબંધની ઉંચાઈ વધારવાની મંજુરી આપી હતી. સોનિયા, મનમોહનજીના શાસનમાં કાશ્મીરમાં આંતકવાદીઓએ માઝા મુકી હતી. ઉરીમાં ૧૩ જવાનોને પાકના આંતકવાદીઓએ જીવતા સળગાવ્યા હતા, જેનો બદલો ફક્ત વાતોથી નહી પણ સર્જીકલ સ્ટ્રાઈક કરીને પાકિસ્તાનમાં ઘુસીને જવાબ આપવાનું કામ નરેન્દ્રભાઈ મોદીએ કર્યુ હતુ. તેમણે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શંકરભાઈ ચૌધરીને જંગી બહુમતીથી ચૂંટી કાઢવા આ સરહદી વિસ્તારની પ્રજાને આહવાન કર્યુ હતું. શંકરભાઈએ આ વિસ્તારમાં કરેલ છે તેમ જણાવ્યું હતું.

આ પ્રસંગે હજારોની સંખ્યામાં દરેક કોમના યુવાનો અને પ્રજાજનોની સાથે ધારાસભ્ય નિમાબેન આચાર્ય, હર્ષ સંઘવી, વાવ રાણા, ગજેન્દ્રસિંહ, ધનજીભાઈ ગોહીલ, દિનેશભાઈ દવે, શ્રીમતી નૌકાબેન પ્રજાપતિ, ગગાજી ઠાકોર, કરશનજી ઠાકોર, મગનીરામ મહારાજ, પીરાભાઈ ગામોટ, વૈકુટભાઈ ઠક્કર, ગુમાનસિંહ ચૌહાણ, ઉમેદદાન ગઢવી, સેંધાભાઈ પ્રજાપતિ, નાગજીભાઈ રબારી, આંબાભાઈ વેંઝીયા સહીત આગેવાનો સહીત તમામ કોમમાંથી પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતે રાહુલ ગાંધીને મંદિર જતા શીખવાડી દીધું : યોગી

પાલનપુર, તા. ૧૧

પાલનપુરના રામલીલા મેદાન ખાતે યુ.પી.ના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ચૂંટણી સભા સંબોધી હતી. યોગીએ કોંગ્રેસ મુક્ત ગુજરાત કરી મહાત્મા ગાંધીના સપનાને સાકાર કરવા હાકલ કરી હતી.

પાલનપુર ખાતે યુ.પી.ના સી.એમ. યોગીએ ચૂંટણી સભાને સંબોધતા રાહુલ ગાંધી પર આકરા પ્રહાર કર્યા હતા. દેશ અને દુનિયામાં જયારે ગુજરાતનું વિકાસ મોડલ ગુંજતુ રહ્યું છે. ત્યારે રાહુલ ગાંધીએ વિકાસને પાગલ કહી ગુજરાતીઓના પુરુષાર્થનું અપમાન કર્યું હોવાનું યોગીએ જણાવ્યું હતું. ગુજરાતે રાહુલ ગાંધીને મંદિરમાં જવાનું તો શીખવાડી દીધું છે. પણ મંદિરમાં તેઓને બેસતા પણ આવડતું નથી. તેઓ મંદિરમાં પણ મસ્જિદ માં બેસતા હોય તેમ બેસે છે.



## ગુજરાતના સત્યએ... (આઠમા પાનાનું અનુ.)

આ અંગેની આનુસંગિક બાબતો વિશેનો અનુભવ કેટલો છે ? હિન્દુસ્તાન એરોનેટીકલ પાસેથી કોન્ટ્રેક્ટ છીનવવાના કારણો શું છે ? આ પ્રશ્નોનો જવાબ પ્રધાનમંત્રી આપે એ જરૂરી છે. રાહુલ ગાંધીએ જણાવ્યુ હતુ કે ગુજરાતે મને ત્રણ મહિનાના મારા પ્રવાસો દરમ્યાન ઘણુ બધુ શીખવાડ્યુ છે અને મને જે પ્રમ આપ્યો છે તે હું મારા જીવનમાં ક્યારેય ભુલી શકીશ નહિ. ગુજરાતની પ્રજા જ્યારે યાદ કરશે ત્યારે હું ગુજરાત આવીશ.

તેમણે વર્તમાન મુખ્યમંત્રી રૂપાણી પર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે તેઓ અમીત શાહના રિમોટથી ચાલી રહ્યા છે. ગુજરાતના વિકાસને નવી દિશા આપવા માટે શામ પિત્રોડા અને તેમની ટીમે ૪૦૦થી વધુ બેઠકો યોજી આખો રોડમેપ તૈયાર કર્યો છે. અમે સૌને સાંભળ્યા છે વાત કરી છે તેમના દુઃખને સમજ્યા છીએ અને સરકાર બનતાં તે દુઃખ દૂર કરવામાં અમે ઉણા નહિ ઉતરીએ એ મારો તમને વાયદો છે. રાહુલ ગાંધીએ જણાવ્યુ હતુ કે પ્રધાનમંત્રી એ ભારતના છે અને તેમના માટે કે તેમના પદની ગરિમાને નુકશાન થાય કે હાનિ થાય તેવું કોઈ ઉચ્ચારણ હું નહિ કરૂ ચાહે તેઓ મારા વિશે જે બોલવુ હોય તે બોલે, ટ્વીટ કરે, ટ્રોલ કરે મને ચિંતા નથી. તેમણે કહ્યું કે મેં સત્યનો રાહ સ્વીકાર્યો છે અને સત્ય બોલીશ એટલુ જ નહિ સત્યને ઉજાગર કરવા માટેના હરદમ પ્રયાસ કરતો રહીશ.

## સરકાર હટાવો... ● ત્રીજા પાનાનું ચાલુ

કરનારી સરકારમાં કેટલાક ગામોમાં અત્યારે હાલ પણ ક્યાક ૨ દિવસે તો ક્યાક અઠવાડિયે પાણી મળે છે. ખેડૂતોને માત્ર ૮ કલાક વીજળી આપે છે. તે પણ માત્ર રાત્રે. તો ખેડૂતોને રાત્રે ઉંઘ ન આવે ? તેમજ જ્યારે કેન્દ્રમાં સરકાર બનાવી ત્યારે અચ્છે દિન આયેગે તેમ કહ્યુ હતુ. દેશમાંથી કાળુ ધન બહાર લાવી દરેકના ખાતામાં ૧૫ લાખ જમા કરાવીશ પરંતુ હજુ સુધી કંઈ થયુ નથી. જનધન ખાતા, નોટબંધીને લઈ ભાજપ પર આકરા પ્રહાર કરતા કહ્યુ કે નોટબંધીમાં સામાન્ય માણસ હેરાન થયો છે. બાકી લાઈનમાં કોઈ મોટુ માણસ દેખાતો હતો ? મોંઘવારી, પેટ્રોલ, ડિઝલ, વિકાસના મુદ્દે ભાજપ સરકારને આડે હાથ લીધી હતી. સે. ૧૭ ખાતે આયોજીત સભામાં એનસીપીના ઉમેદવાર રોહિત નાયાણી, ભીખુભાઈ નાયાણી તેમજ કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## પડઘમ શાંત...

● પહેલા પાનું ચાલુ

વિરમગામમા ૨૨, રાધનપુરમાં ૧૭, બાપુનગરમાં ૧૬, ધંધુકામાં ૧૬, ઉમેદવારો મેદાનમા છે. સૌથી વધુ ઉમેદવારો મહેસાણામાં ૩૪ અને સૌથી ઓછા ઉમેદવાર ઝાલોદમાં બે છે. કુલ મળીને ૨૫,૫૭૫ પોલિંગ સ્ટેશન ઉપર મતદાનની પ્રકીયા હાથ ધરવામા આવશે. કુલ મતદારો ૨,૨૨,૯૬,૮૬૭ છે. કુલ ૧.૭૪ લાખ પોલીસ જવાનો, સર્વેલન્સ, સીસીટીવી કેમેરા સાથે કુલ ૨.૪૧ લાખ કર્મચારીઓ ફરજ બજાવશે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે શનિવારના દિવસે પ્રથમ તબક્કાનું મતદાન થયું હતું. પ્રથમ તબક્કાના મતદાનના સંદર્ભમાં ગઈકાલે ચૂંટણી પંચ દ્વારા સત્તાવારરીતે પાકા આંકડા ટકાવારી અંગેના જારી કરવામાં આવ્યા હતા.

# ડીસામાં યોગીની આંધી કોંગ્રેસ પર આકરા પ્રહારો

ડીસામાં આજે હિંદુ સમ્રાટ અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પધાર્યા હતા.. યોગી આદિત્યનાથે ડીસા શહેરમાં જાહેર સભાને સંબોધી હતી અને તેમની આ સભામાં વિશાળ સંખ્યામાં લોકો તેમની એક ઝલક મેળવવા ઉમટી પડ્યા હતા. આજે રિસાલા ચોક માનવ મહેરામણથી ઉભરાઈ ગયું હતું.. યોગી આદિત્યનાથ તેમના અલગ અંદાજથી આજે આ સભામાં પોતાનું વક્તવ્ય શરુ કર્યું હતું.. વડગામ અને પાલનપુરમાં સભા સંપન્ન કર્યા બાદ યોગી આદિત્યનાથ ડીસા એરપોર્ટ પર હેલીકોપ્ટર મારફત પહોંચ્યા હતા. ત્યારબાદ ડીસાના યુવા મોરચા દ્વારા યોગીજીના સ્વાગત માટે વિશાળ બાઈક રેલી યોજવામાં આવી હતી. બાઈક રેલીથી પ્રભાવિત થયેલ યોગી આદિત્યનાથે ખુલ્લી ગાડીમાં રોડ શો પણ કર્યો હતો. ત્યારબાદ યોગી આદિત્યનાથ ડીસાના રીશાલા બજાર પહોંચ્યા હતા.. યોગીજીના આગમન બાદ સભા સ્થળે લોકોએ ભારે ઉત્સાહથી વધાવી લીધા હતા.. આજે યોગી આદિત્યનાથે તેમના સંબોધનની શરૂઆત જાય શ્રીરામના નારાથી કરી હતી.. અને રાહુલ ગાંધીને નિશાન બનાવ્યા હતા.. યોગી આદિત્યનાથે જણાવ્યું હતું કે રાહુલ ગાંધી ગુજરાતનું અપમાન કરે છે. અને હવે કોંગ્રેસ ગંદી રાજનીતિ રમવા પર ઉતરી આવી છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ